रामरक्षा स्तोत्र.

तथा

નર્મદાષ્ટક

મૂળ સહિત ટીકા સાથે.

—ભાષા

પ્રસિદ્ધ કરનાર

ગુજરાતી સાહિત્ય મંદિર

જેકીશનદાસ ત્રિભુવનદાસ

બુકસેલર એન્ડ પબ્લીશર

સલાબતપુરા—સુરત.

સંવત ૧૯૮૧ સને ૧૯૨૫

મુદ્રક—ભદ્રશંકર મંછારામ ભટ્ટ

'ઉર્મિમય' પ્રીન્ટીંગ વર્કર્સ ખાડ બજાર—સુરત

કિંમત ૦-૨-૦

॥ श्री गणेशाय नमः ॥

॥ श्री सीतारामचद्राभ्यानमः ॥ अथ श्री रामरक्षास्तोत्र मंत्रस्य ॥ बुधकौशिक ऋषि; ॥ श्री सीतारामचद्रो देवता ॥ ॥ अनुष्टुप्छदः ॥ सीताशक्तिः ॥ श्रीमद्धनूमान कीलक ॥ श्रीरामचद्र प्रीत्यर्थे रामरक्षास्तोत्रमत्रा जपेविनियोगः ॥ ध्यान ध्यायेदाजानुबाहु तशरधनुषबद्धपद्मासनस्थ पीतवासोवसान नवकमलदलस्पर्धिनेत्राप्रसन्न ॥ वामाकारुढसीतामुखकमल मिलल्लोचननीरदाभं नानालकारदीप्तदधतमुरुजटामडनराम- चद्र ॥ इनि ध्यान ॥

॥ श्री रामरक्षास्तोत्रा ॥

આ રામ રક્ષા સ્તોત્રરૂપ મત્રના, ઋષિ કૌશિક છે, દેવતા શ્રી રામચદ્ર છે છંદ અનુષ્ટુપ છે, શકિત શ્રી સીતા છે, કીલક શ્રી હનુમાન છે, શ્રી રામચદ્રને પ્રસન્ન કરવા માટે રામરક્ષા સ્તોત્રનો પાઠ કરવો

અથ ધ્યાન ગોઠણસુધી જેના લાંબા હાથ છે ધનુષ બાણ જેણે ધર્યા છે, પદ્માસન વાળીને બેઠા છે, પીળા વસ્ત્ર જેણે ધર્યા છે, નવા કમળના દળ કરતા સુંદર નેત્ર છે, જે પ્રસન્ન છે, ડાબી બાજુએ બીરાજેલા સીતાજીના મુખકમળ ઉપર જેના નેત્ર પડે છે, મેઘના સરખી જેની કાંતિ છે, અનેક પ્રકારના અલંકારોથી જે શોભે છે અને જે મોટી જટારૂપ આભુષણને ધારણ કરે છે તે શ્રી રામ- ચદ્રનુ હું ધ્યાન ધરૂ છુ

॥ श्री रामरक्षा प्रारंभः ॥

चरितं रघुनाथस्य शतकोटि प्रविस्तरम् ॥
एकैकमक्षरंपुंसां महापातकनाशनम् ॥ १ ॥

શ્રી રામચંદ્રજીનું ચરિત્ર સો કરોડના વિસ્તારવાળું છે અને તેનો એકેક અક્ષર માણસોના મહાપાપને નાશ કરનારો છે ૧

ध्यात्वानीलोत्पलश्यामरामराजीव लोचनम् ॥
जानकीलक्ष्मणोपेत जटामुकुटमंडितम् ॥ २ ॥
सासितूणधनुर्बाण पाणिंनक्तंचरांतकं ॥
स्वलीलयाजगत्त्रातु माविर्भूतमजंविभुम् ॥ ३ ॥

નીલ કમળના જેવી જેની શ્યામ મૂર્તિ છે એવા કમળ સરખા નેત્રવાળા સીતાજી અને લક્ષ્મણજી સહિત, જટાથી અને મુગટથી શોભીતા, તરવાર સહિત ભાથા અને ધનુષબાણ જેના હાથમાં છે, એવા રાક્ષસોના કાળરૂપ (નાશ કરનારા) અને જગત્‌નું રક્ષણ કરવા માટે પોતાની લીલાથી જે પ્રગટ થયા છે, જન્મ વગરના અને વ્યાપક એવા શ્રી રામચંદ્રજીનું ધ્યાન ધરીને ડાહ્યા માણસે પાપને ટાળનારી અને સર્વ કામનાને પુરનારી આ રામરક્ષાનો પાઠ કરવો ૨ ૩

रामरक्षांपठेत्प्राज्ञः पापघ्नीं सर्व कामदाम् ॥
शिरोमेराघवः पातु भालं दशरथात्मजः ॥ ४ ॥
कौशल्येयोदृशौपातुविश्वामित्रप्रियः श्रुती ॥

घ्राणंपातुमखत्राता मुखंसौमित्रिवत्सल ॥ ५ ॥

રઘુકુળમા પ્રગટેલા પ્રભુ મારા માથાની રક્ષા કરો, દશરથના પુત્ર મારા કપાળની રક્ષા કરો, કૌશલ્યાના પુત્ર મારી આંખની રક્ષા કરો, વિશ્વામિત્રના પ્યારા મારા બે કાનની રક્ષા કરો યજ્ઞનું રક્ષણ કરનાર મારી નાસિકાની રક્ષા કરો અને લક્ષ્મણજીના પ્યારા મારા મુખની રક્ષા કરો ૪ ૫

जिव्हाविद्यानिधिः पातु कंठं भरतवंदितः ॥
स्कंधौदिव्यायुधः पातुभुजौभग्नेशकार्मुकः ॥ ६ ॥

વિદ્યાના ભંડાર મારી જીભની રક્ષા કરો ભરતે નમસ્કાર કરેલા રામચંદ્ર મારા કંઠની રક્ષા કરજો દિવ્ય આયુધને ધારણ કરનારા રામચંદ્ર મારા ખભાની રક્ષા કરજો, અને શિવના ધનુષ્યને ભાંગનારા રામચંદ્ર મારા ભુજાની રક્ષા કરજો ૬

करौ सीतापतिः पातु हृदयंजामदग्न्यजित् ॥
मध्यंपातुखरध्वंसी नाभिंजाम्बवदाश्रयः ॥ ७ ॥

સીતાના પતિ મારા હાથની રક્ષા કરો, પરશુરામને જીતનારા રામચંદ્ર મારા હૃદયની રક્ષા કરજો ખરને મારનારા રામચંદ્ર મારા મધ્યની રક્ષા કરજો જાંબુવાનના આશ્રય રૂપ રામચંદ્ર મારી નાભીની રક્ષા કરજો ૭

सुग्रीवेशः कटीपातु सक्थीनिहनुमत्प्रभुः ॥
ऊरूरघूत्तमः पातु रक्षःकुलविनाशकृत् ॥ ८ ॥

સુગ્રીવના ઇશ્વર રામચંદ્ર મારી કેડની રક્ષા કરજો, હનુમાનના પ્રભુ રામચંદ્ર મારા બે સાથળના મળની રક્ષા કરો, રાક્ષસ કુળનો

નાશ કરનારા અને રઘુકુળમા ઉત્તમ રામચંદ્ર મારા બે સાથળની રક્ષા કરો ૮

जानुनीसेतुकृत्पातु जघेदशमुखातकः ॥
पादोविभीषणश्रीद पातुरामोऽखिलवपुः ॥ ९ ॥

સમુદ્રપર સેતુ બાધનારા રામચંદ્ર મારા ગોઠણની રક્ષા કરજો, રાવણનો નાશ કરનારા રામચંદ્ર મારી જઘાની રક્ષા કરજો વિભીષણને સપતિ આપનારા રામચંદ્ર મારા પગની રક્ષા કરો, એવા રામચંદ્રજી મારા આખા શરીરની રક્ષા કરો

एतारामबलोपेता रक्षायः सुकृतीपठेत् ॥
सचिरायुसुखी पुत्री विजयी विनयीभवत् ॥ १० ॥

સુકૃત કરનારો જે માણસ આ રામના બળવાળી રક્ષાનો પાઠ કરે તે લાબા આયુષવાળો થાય, સુખી થાય, પુત્ર પામે જય મેળવે, અને વિનયવાળો થાય १०

पातालभूतलव्योम चारिणश्छद्मचारिण ॥
नदष्टुमपिशक्तास्ते रक्षितरामनामभिः ॥ ११ ॥

શ્રી રામચંદ્રજીના નામથી જેને રક્ષા થઇ હોય તેને પાતાળમા પૃથ્વી ઉપર અને આકાશમા ફરનાર કપટિયા જોવા પણ સમર્થ થતા નથી ११

रामेतिरामभद्रेति रामचंद्रेतिवास्मरन् ॥
नरोनलिप्यतेपापैर्भुक्तिमुक्तिं च विंदति ॥ १२ ॥

રામ, રામભદ્ર અથવા રામચંદ્રનું જે સ્મરણ કરે છે તે માણસ કોઈ દિવસ પાપથી ન લેપાતા સુખ પામે છે અને મોક્ષને મેળવે છે ૧૨

जगज्जैत्रैकमन्त्रेण रामनाम्नाभिरक्षितं ॥
यःकंठेधारयेत्तस्य करस्था सर्वसिद्धय ॥ १३ ॥

જગત જીતનારા એક રામનામના મંત્રથી જેમા રક્ષા કરવામા આવી છે તે આ સ્તોત્રનો કોઇ પાઠ કરે તો તેને સર્વ સિદ્ધિઓ પાસે આવી રહે છે ૧૩

वज्रपंजरनामेदंयोरामकवचंस्मरेत् ॥
अव्याहताज्ञ सर्वत्र लभते जयमंगल ॥ १४ ॥

વજ્રપિંજર નામના આ રામકવચને જે સંભારે તે અખંડ જ્ઞાનવાળો થાય છે અને સર્વ ઠેકાણે વિજયમંગળ મેળવે છે ૧૪

आदिष्टवान्यथास्वप्ने रामरक्षामिमाहर ॥
तथालिखितवान्प्रात प्रबुद्धकौशिक ॥ १५ ॥

શ્રી સદાશિવે જે પ્રમાણે આ રામરક્ષા વિશ્વામિત્ર ઋષિને સ્વપ્નામા આવીને કહી તેજ પ્રમાણે તે બુદ્ધિવાન ઋષિએ સવારમા જાગીને લખી લીધી છે ૧૫

आराम कल्पवृक्षाणा विराम सकलापदाम् ॥
अभिराम स्त्रिलोकाना रामः श्रीमान्सन प्रभु ॥१६॥

સર્વ કલ્પવૃક્ષોના પરમરૂપ સઘળી વિપત્તિઓને દૂર કરનારા અને ત્રિલોકીને આનંદ આપનારા શ્રીમાન્ રામચંદ્રજી અમારા પ્રભુ છે ૧૬

तरुणौरूप सपन्नोसुकुमागैमहाबलौ ॥
पुंडरीकविशालाक्षौचीरकृष्णाजिनाम्बरौ ॥ १७ ॥

જુવાન અવસ્થા અતિરૂપવાળા સુકુમાર શરીરવાળા મહા બળવાળા કમળ સરખા વિશાળ નેત્રવાળા જુના મૃગચર્મરૂપ વસ્ત્ર ધરનારા છે ૧૭

फलमूलाशिनौदातौ तापसौब्रह्मचारिणौ ॥
पुत्रौदशरथस्यैतौभ्रातरौरामलक्ष्मणौ ॥ १८ ॥

ફળ મૂળ ભક્ષ કરનારા ઈંદ્રિયોને વશ રાખનારા તપ કરનારા બ્રહ્મચર્ય પાળનારા અને દશરથના પુત્ર એવા આ શ્રી રામ અને લક્ષ્મણ ૧૮

शरण्यौसर्वसत्वाना श्रेष्टौसर्वधनुष्मताम् ॥
रक्षा कुलनिहतारौ त्रायेतानौरघुत्तमौ ॥ १९ ॥

કે જે સર્વ પ્રાણીઓને શરણે જવા યોગ્ય છે સર્વ ધનુષધારીઓમા ઉત્તમ અને રાક્ષસોના કુળનો નાશ કરનાર છે તે બે રઘુવંશના ઉત્તમ પુરૂષ અમારી રક્ષા કરો ૧૯

आत्तसज्जधनुषाविषुस्पृशावक्षायाशुगनिषगसगिनौ ॥
रक्षणाय ममरामलक्ष्मणावग्र त पथिसदैवगच्छताम् ॥२०॥

સજ કરેલુ ધનુષ જેણે ચઢાવ્યુ છે એવા બાણનો સ્પર્શ કરનારા અને જેમા બાણો ખુટે નહિ એવા ભાથાઓ જેને સંગે છે એવા શ્રી રામ લક્ષ્મણ મારૂ રક્ષણ કરવા પૃથ્વી ઉપર સદૈવ આગળ ચાલજો ૨૦

सन्नद्र कवचीखड्गी चापबाणधरोयुवा ॥
गच्छन्मनोरथास्माकरामः पातुसलक्ष्मण ॥ २१ ॥

નમ્રતાવાળા, કવચ પહેરેના ખડ્ગધારણ કરેલા અને ધનુષબાણ ધરનારા યુવાન શ્રી રામચંદ્રજી લક્ષ્મણજી સાથે રહી માર્ગે ચાલતા અમારા મનોરથની રક્ષા કરો ૨૧

रामोदाशरथि शूरोलक्ष्मणानुचरोबली ॥
काकुस्थ पुरुष पूर्ण. कौशलेयोरघूत्तम ॥ २२ ॥

દશરથ રાજાના પુત્ર રઘુવીર લક્ષ્મણ જેની સેવા કરે છે એવા બળીઆ કકુત્સ્થ કુળમા જન્મેલા સર્વ કામથી ભરેલા કૌશલ્યના પુત્ર રઘુકુળમા ઉત્તમ છે ૨૨

वेदातवेद्योयज्ञेश पुराणपुरुषोत्तम ॥
जानकीवल्लभ श्रीमानप्रमेयपराक्रम ॥ २३ ॥

વેદાંત જાણી શકાય એવા યજ્ઞના ઇશ્વર પુરાણ પુરૂષમા ઉત્તમ, જાનકીજીના પતિ, શોભાયમાન, જેનુ પરાક્રમ જાણી ન શકાય એવા. ૨૩

इत्येतानिजपेन्नित्य मद्भक्त श्रद्धयान्वितः ॥
अश्वमेधाधिक पुण्य सम्प्नोतिनसशय ॥ २४ ॥

એ પ્રમાણે એટલા નામ મારા ભક્ત શ્રદ્ધા રાખીને વાચવા અથવા પાઠ કરી નેના તો અશ્વમેધ યજ્ઞ કરવાના પુણ્યથી વધારે પુણ્યને પામે છે તેમા કાંઇ સદેહ નથી ૨૪

राम दूर्वादलश्याम पद्माक्षपीतवाससम् ॥

स्तुवतिनामभिर्दिव्यैर्नतेससारिणोनरा ॥ २५॥

દુર્વાના દલ જેવા શ્યામ વર્ણવાળા, કમળના સરખા નેત્રવાળા અને પીળા વસ્ત્ર પહેરનારા શ્રી રામચંદ્રને જેઓ દિવ્ય નામોથી સ્તુતિ કરે છે તે પુરૂષો જન્મમરણને પામતા નથી. ૨૫

रामलक्ष्मणपूर्वजरघूवरसीतापतिसुदरकाकुत्स्थ ॥
करुणार्णवगुणनिधिविप्रप्रिय धार्मिकम् ॥
राजेंद्रसत्यसिंधुदशरथतनयश्यामलशातमूर्ति ॥
वंदेलोकाभिरामरघुकुलतिलकराघवं रावणारिम् ॥२६॥

શ્રી રામચંદ્રજી કે જે લક્ષ્મણના મોટા ભાઇ છે, રઘુકુળમા ઉત્તમ છે સીતાના પતિ છે સુંદર છે, કકુસ્થકુળમા ઉપ્તન્ન થાય છે, કરૂણાના સમુદ્ર રૂપ છે ગુણના ભંડારરૂપ છે, બ્રાહ્મણો જેને પ્રિય છે એવા ધર્મ કરનારા છે, રાજાઓના અધિપતિ છે, સાચી પ્રતિજ્ઞાવાળા છે, દશરથના પુત્ર શ્યામસ્વરૂપ છે, શાંત મુર્તિવાળા લોકોને આનંદ આપનારા છે રઘુકુળને શોભાવનારા છે અને રાવણના શત્રુ છે. એવા રઘુકુળમા જન્મેલા એવા રામચંદ્રને નમસ્કાર કરુ છુ ૨૬

रामायरामभद्राय रामचंद्रायवेधसे ॥
रघुनाथायनाथाय सीताया पतयेनम ॥ २७ ॥

રઘુકુળના નાથ અને સીતાના પતિ એવા શ્રી રામ કે જેના રામચંદ્ર અને રામભદ્ર એવા નામ છે તથા જે વિધાતારૂપ છે તેને હુ નમસ્કાર કરૂ છુ ૨૭

श्रीरामरामरघुनन्दनरामराम श्रीरामराम भरताग्रजरामराम ॥
श्रीरामरामणकर्कशरामराम श्रीरामरामशरण भवरामराम २८

હે રઘુકુળના વંશમા થયેલા હે રામ હે રામ, હે રામ હે રામ હે ભરતના મોટા ભાઇ, હે રામ, હે રામ, હે રામ, હે રામ હે રામ હે રણસંગ્રામમા કઠણ જણાતા હે રામ હે રામ, હે રામ હે રામ હે લક્ષ્મીને રમાડનારા હે રામ, હે રામ હે રામ હે રામ અમને શરણ આપો ૨૮

श्रीरामचन्द्रचरणौमनसास्मरामि श्रीरामचन्द्रचरणौ वचसागृणामि ॥ श्रीरामचन्द्रचरणौशिरसानमामि श्रीरामचन्द्रचरणौ शरण प्रपद्ये ॥ २९ ॥

શ્રી રામચંદ્રજીના ચરણને મન વડે સભારૂ છુ શ્રી રામચંદ્રના ચરણના મન વડે સભારૂ છુ, શ્રી રામચંદ્રના ચરણને મસ્તક વડ નમુ છુ અને શ્રી રામચંદ્રજીના ચરણને શરણ થાઉ છુ ૨૯

मातारामोमत्पितारामचन्द्र स्वामीरामोमत्सखारामचन्द्र ॥
सर्वस्वमेरामचन्द्रोदयालुर्नान्यजानेनैवजाने नजाने ॥३०॥

મારી માતા શ્રી રામચંદ્ર છે, પિતા શ્રી રામચંદ્ર છે મારા સ્વામી શ્રી રામચંદ્ર મારા મિત્ર શ્રી રામચંદ્ર છે અને મારૂ સર્વસ્વ દયાળુ શ્રી રામચંદ્ર છે, બીજા કોઇને હુ માતા પિતા સ્વામી મિત્ર સર્વસ્વ જાણતો નથી, સમજતો નથી અને ઓળખતો પણ નથી ૩૦

दक्षिणेलक्ष्मणोयस्य वामेतुजनकात्मजा ॥
पुरतामोरुतिर्यस्य तंवदेरघूनंदनम् ॥ ३१ ॥

જેની જમણી કોરે શ્રી લક્ષ્મણજી છે, જેની ડાબી કોરે શ્રી જનકના પુત્રી સીતાજી છે અને જેની આગળ ચાનનારા શ્રી હનુમાનજી છે તે શ્રી રઘુકુળના કુમાર શ્રી રામચંદ્રને હુ નમસ્કાર કરૂ છુ ૩૧

लोकाभिरामरणरंगधीराजीवनेत्रा रघुवंशनाथम् ॥
कारुण्यरुपकरुणाकरतं श्रीरामचंद्रंशरणं प्रपद्ये ॥ ३२ ॥

લોકોને આનંદ આપનારા, રણસંગ્રામમા ધીરજ રાખનારા, કમળ સરખા નેત્રવાળા રઘુવંશના નાથ દયાની મુરતીરૂપ અને કરૂણાથી ભરેલા શ્રી રામચંદ્રને શરણે જાઉ હુ ૩૨

मनोजवं मारुततुल्यवेगंजितेंद्रियंबुद्धिमतांवरिष्टम् ॥
वातात्मजंवानरयुथमुख्यंश्रीरामदूतंशरणंप्रपद्ये ॥ ३३ ॥

મનના જેવા વેગવાળા, વાયુના જેવી ગતી વાળા, ઇંદ્રિઓને જીતનારા, બુદ્ધિમાન પુરૂષોમા વખણાવવા યોગ્ય, વાયુના પુત્ર અને વાનરાઓના યુથના મુખી એવા શ્રી રામચંદ્રજીના દૂતને (શ્રી હનુમાનજીને) હુ શરણે જાઉ છુ ૩૩

कूजंतंरामरामेति मधुरंमधुराक्षरम् ॥
आरुह्यकवितांशाखां वंदेवाल्मीकिकोकिलम ॥ ३४ ॥

કવિતારૂપી શાખા ઉપર બેસીને મીઠાશ ઉપજે એવી રીતે 'શ્રી રામ શ્રી' રામ એવી રીતે મધુર અક્ષરથી ઉચ્ચાર કરતા એવા વાલ્મીક રૂષીરૂપ કોકીલાને નમસ્કાર કરૂ છુ ૩૪

आपदामपहर्तारंदातारं सर्वसंपदाम् ॥
लोकाभि रामश्रीरामभुयोभुयो नमाम्यहम् ॥ ३५ ॥

આપત્તિઓને નાશ કરનારા સર્વ સંપત્તિઓને આપનારા અને લોકને આનંદ આપનારા શ્રી રામચંદ્રજીને હું નમસ્કાર કરૂં છું ૩૫

भर्जनं भवबीजा नामार्जनंसुखसंपदाम् ॥
तर्जनंयमदूताना रामरामेतिगर्जनम् ॥ ३६ ॥

રામ નામનો ઉચ્ચાર કરવો તે સંસારના બીજને ભુંજી નાખ નારો, જન્મ મરણના કારણનો નાશ કરનારો સુખરૂપ સંપત્તિઓને મળ કરનારો અને યમના દૂતોને તરછોડી નાખનારો છે ૩૬

रामोराजमणि सदाविजयतेरामंरमेशंभजेरामेणा
भिहतानिशाचरचमूरामायतस्मैनमः रामान्नास्ति
परायणपरतरंरामस्यदासोस्म्यहंरामे चित्तलयः
सदाभवतुमे भोराममामुद्धर ॥ ३७ ॥

રાજાઓમાં મણી સરખા શ્રી રામચંદ્ર નિરંતર જયને પામે છે, લક્ષ્મીના પતિ રામચંદ્રને હું ભજું છું જે રામચંદ્રજીએ રાક્ષસોની સેનાને હણી નાખી તે શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું શ્રી રામચંદ્રજીને બીજું કોઈ શરણે જવા યોગ્ય નથી હું રામચંદ્રજીને દાસ છું, શ્રી રામચંદ્ર તે વિષે સર્વદા મારા ચિત્તનો જય થજો હે શ્રી રામચંદ્ર ! મારો ઉદ્ધાર કરો ૩૭

रामरामेतिरामेतिरमेरामेमनोरमे ॥
सहस्त्रनामत-तुल्यरामनामवरानने ॥ ३८ ॥

વારંવાર શ્રી રામનુ નામ જપતો હુ મનોહર રામચંદ્રને વિષે રમુ છુ શ્રેષ્ઠ મુખવાળા હે પાર્વતી ! એક રામ નામ અને બીજા હજાર નામ એ બરાબર છે ૩૮

इति श्री बुद्धकौशिकविरचित श्री रामरक्षा स्तोत्रं संपूर्णम्
॥ श्री सीतारामचन्द्रार्पणमस्तु ॥

ઈતિ શ્રી બુદ્ધ કૌશિકે કરેલુ રામ રક્ષા સ્તોત્ર સંપૂર્ણ

॥ अथ श्री नर्मदाष्टक प्रारंभ ।

श्री गणेशायनम ॥ सबिंदुसिंधुसुस्खलत्तरंगभंग
रंजितंद्विषत्सु पापजातजातकारिवारिसंयुतम् ॥ कृतांत
दूतकालभूतभीतिहारिवर्मदे त्वदीय पादपंकजं
नमामिदेविनर्मदे ॥ १ ॥

અનુના, દૂતના, કાલના ભૂતના ભયને નાશ કરનારા એવા કવચને આપનારા હે દેવી નર્મદા ! તમારા ચરણકમલને હુ નમસ્કાર કરુ છુ જે તમારુ ચરણકમળ બિંદુ સહિત સિંધુના ચપળ તરંગોના રંગથી રંગાએલુ છે અને શત્રુરૂપ પાપના સમુહને નાશ કરનાર જળવડે યુક્ત છે ૧

त्वदंबुलीनमीनदीनदिव्यसंप्रदायकं कलौमलौघभारहारि सर्वतीर्थनायकम् ॥ सुमच्छकच्छनक्रचक्रवाकशर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥ २ ॥

મોટા મત્સ્ય, કાચબા જુડ, ચક્ર અને ચકવા જાતના પ્રાણીઓને સુખ આપનારા હે દેવી નર્મદા ! તમારા ચરણ કમળને હુ નમસ્કાર કરૂ છુ જે તમારૂ ચરણકમળ તમારા જળમા લીન થએના દીન માછલાને દીવ્યપણુ આપનારૂ છે, કળિયુગના મળના ભારને નાશ કરનાર છે અને સર્વ તીર્થોનુ નાયક છે ૨

महागभीरनीरपूरपापधूतभूतलं ध्वनत्समस्तपातकारिदारितापदाचलम् ॥ जगल्लयेमहाभयेमृकंडुसूनुहर्म्यदे त्वदीयपाद० ॥ ३ ॥

મહા ભયકર જગતના પ્રલયકાળમા ઋષિને હવેલી આપનારા હે દેવી નર્મદા ! તમારા ચરણકમળને હુ નમસ્કાર કરૂ છુ જે તમારૂ ચરણકમળ મોટા ગભીર જળના પુરથી પૃથ્વીના પાપને કપાવનાર છે, ગર્જના કરતા એવા સર્વ પાપોનુ શત્રુરૂપ છે અને આપત્તિરૂપ પર્વતને પાડી નાખનારૂ છે ૩

गतं तदैव मे भयं त्वदंबुवीक्षितं यदा मृकंडुसूनुशौनकासुरारिसेवितंसदा ॥ पुनर्भवाब्धिजन्मजं भवाब्धिदुःखवर्मदे त्वदीयपाद० ॥ ४ ॥

આ સસારરૂપી સમુદ્રના દુખમા કવચને આપનારા હે દેવી નર્મદા ! માર્કંડયમુનિ અને દેવતાઓએ સર્વદા સેવેલુ તમારૂ જળ

જ્યારથી મારા જોવામા આવ્યુ છે ત્યારથીજ ફરીવાર સંસાર સમુદ્રમા જન્મ પામવાનો મારો ભય નાશ પામ્યો છે. તેથી હું તમારા ચરણકમળને નમસ્કાર કરૂ છુ ૪

अलक्षनिम्नगासुरादिपूजितं सुलक्षनीरतीरवीरपक्षि ॥
लक्षकूजितम् वशिष्टपिप्पलादिकर्दमादिशर्मदे त्वदीयपाद० ॥५॥

વશિષ્ટ અને શ્રેષ્ઠ એવા પિપ્પલ વિગેરે મુનિઓ તથા કર્દમ વિગેરે પ્રજાપતિઓને સુખ આપનારા હે દેવી નર્મદા ! તમારા ચરણ કમળને હુ નમસ્કાર કરૂ છુ જે તમારૂ ચરણકમળ લાખો કિન્નર-દેવ અસુરાદિકે અલક્ષપણે પૂજ્યુ અને જેમા જલ સારી રીતે લક્ષ થાય તે એવા તીર ઉપર રહેલા લાખો પક્ષીઓએ કુજીત કરેલુ છે ૫

सनत्कुमारनाचिकेतकश्यपादिषट्पदैर्धृतंस्वकीय
मानसेषु नारदादिषट्पदे रवींदुरंतिदेवदेवराज-
कर्मशर्मदे त्वदीयपाद० ॥ ६ ॥

સુર્ય ચંદ્ર અને ઇંદ્રના કાર્યને સુખ આપનારા હે દેવી નર્મદા તમારા ચરણ કમળને હુ નમસ્કાર કરૂ છુ જે તમારૂ ચરણકમળ સનત્કુમાર નચિકેત કશ્યપ, અત્રિ નારદાદિક મુનિરૂપ ભમરાઓએ પોતાના હૃદયની અંદર નિરંતર ધારણ કરેલુ છે ૬

अलक्षलक्षलक्षपापलक्षसारसायुधं ततस्तु जीवजंतु तंतु
भुक्तिमुक्तिदायकं ॥ विरिंचिविष्णुशंकरस्वकीय
धामवर्मदे त्वदीयपाद० ॥ ७ ॥

બ્રહ્મા, વિષ્ણુ અને શંકર પોતાના તેજરૂપ બખ્તર આપનાર હે દેવી નર્મદા ! તમારા ચરણ કમળને હુ નમસ્કાર કરૂ છુ ૭ તમારૂ ચરણકમળ ગુપ્ત અને પ્રગટ રીતે કરેલા લાખો પાપરૂ નિશાનને પાડવામા મળવાળુ આયુધવાળુ છે અને તેથી જીવજ તુ રૂપ તતુઓને ભક્તિ અને મુક્તિ આપનાર છે ૭

अहामृतस्वन श्रुतं महेशकेशजातटेकिरातसूत
वाडवेषुपंडिते शटे नटे दुरतपापहारि सर्व
जंतुशर्मदे त्वदीयपादं० ॥ ८ ॥

સર્વ પ્રાણીઓને સુખ આપનારા હે દેવી નર્મદા ! તમારા ચરણ કમળને હુ નમસ્કાર કરૂ છુ જે તમારુ ચરણકમળ શકરના કેશમાથી થએના ગગાજીના તટને વિષે તેમજ કિરાત ચારણભાટ બ્રાહ્મણ પડિત શઠ અને નટને વિષે પણ જો મૃત્યુનો શબ્દ સાભળવામા આવે તો તેઓના દુસ્ત પાપ અને તાપને હરનાર છે ૮

इदं तु नर्मदाष्टकं त्रिकालमेव ये सदा पठति ते
निरतर न याति दुर्गति कदा ॥ सुलभ्यदेहदुर्लभ
महेशधामगौरव पुनर्भवा नरा नवैविलोकयाति रौरवम् ॥

જેઓ આ નર્મદાષ્ટકનો ત્રિકાળ નિરતર પાઠ કરે છે તેઓ કદી પણ દુર્ગતિને પામતા નથી અને સુલભ દેહથી દુર્લભ એવા શંકરના મોટા ધામમા જાય છે અને ફરીવાર જન્મ લઇને તેઓ રૌરવ નરકને કદી પણ જોતા નથી

॥ इतिश्रीमच्छंकराचार्यविरचितानर्मदाष्टकस्तोत्र ॥

सपूर्णम्